# ટ્રમ્પના 'ગાઝા બોર્ડ ઓફ પીસ'ની પ્રથમ બેઠકમાં શાહબાઝની ફજેતી



**બોર્ડની** બેઠકમાં ટ્રમ્પે શરીફની ઉપેક્ષા કરી, ટ્રમ્પે શરીફને ઉભા થવા માટે કહ્યું. શરીફ તરત જ ઉભા થઈ ગયા

**બેઠકમાં** વાંચવામાં આવેલ પાકિસ્તાનના નિવેદનમાંની ટાઇપની ભૂલોએ શાહબાઝ માટે વધુ મૂંઝવણ ઉભી કરી

ગાઝા, તા. ૨૦: ડોનાલ્ડ ટ્રમ્પની પ્રથમ 'ગાઝા બોર્ડ ઓફ પીસ' બેઠકમાં પાકિસ્તાની પીએમ શહબાઝ શરીફ અલગ-થલગ અને ઉપેક્ષિત જોવા મળ્યા હતા. ઈસ્લામાબાદ જે કાર્યક્રમ દ્વારા પોતાની વૈશ્વિક સુસંગતતા દર્શાવવા માંગતું હતું, ત્યાં શરીફ એકલા અટૂલા દેખાયા હતા. આ ઉપરાંત પાકિસ્તાનના વિદેશ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાંની ટાઈપિંગની ભૂલો પાકિસ્તાનની વધુ ફજેતી કરાવી ગઇ હતી અને શાહબાઝને મૂંઝવણભરી સ્થિતિમાં મૂકાવું પડ્યું હતું.

તેમણે ટ્રમ્પને 'શાંતિના દૂત' કહીને વખાણ્યા, 'દક્ષિણ એશિયાના તારણહાર' પણ કહ્યા અને નોબેલ શાંતિ પુરસ્કાર માટે તેમનું નામાંકન પણ કર્યું. પરંતુ, પાકિસ્તાની વડાપ્રધાન શહબાઝ શરીફની આ તમામ કોશિશો ડોનાલ્ડ ટ્રમ્પ પર કોઈ ખાસ અસર પાડી શકી હોય તેવું લાગ્યું નહીં. ગુરુવારે અમેરિકી રાષ્ટ્રપતિની પ્રથમ 'ગાઝા બોર્ડ ઓફ પીસ' બેઠક દરમિયાન તેઓ હાંસિયામાં ધકેલાયેલા જોવા મળ્યા હતા. સોશિયલ મીડિયા પર એવા અનેક વીડિયો વાયરલ થયા છે જેમાં શરીફ આ કાર્યક્રમમાં એકલા અને અલગ પડતા દેખાય છે. બીજા એક વાયરલ વીડિયોમાં શાહબાઝ શરીફ, ટ્રમ્પને ગળે લગાવવાનો પ્રયાસ કરતા પણ જોવા મળે છે. ગ્રુપ ફોટોમાં શરીફ માંડ-માંડ દેખાતા હતા. ટ્રમ્પ આગળની હરોળમાં ઉભા હતા, તેમની સાથે ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ અને વિદેશ મંત્રી માર્કો રુબિયો હતા. ભાષણ દરમિયાન ટ્રમ્પે શરીફને ઉભા થવા માટે કહ્યું. શરીફ તરત જ ઉભા થઈ ગયા, જેની સોશિયલ મીડિયા પર મજાક ઉડી અને કેટલાક લોકોએ તેમને 'ટ્રમ્પના પપેટ' (કઠપૂતળી) કહ્યા. આ દરમિયાન ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'મહાન વ્યક્તિ' અને 'ખૂબ સારા મિત્ર' ગણાવ્યા, જેનાથી શરીફ વધુ અસહજ દેખાયા હતા. શરીફની આ મુલાકાત માત્ર અપમાન જ નહીં પણ અનેક ગંભીર ભૂલોથી પણ ભરેલી હતી. તેની શરૂઆત વિદેશ મંત્રાલયના એક નિવેદનથી થઈ હતી, જેમાં શરીફની અમેરિકા મુલાકાત અંગે અસંખ્ય લખાણની ભૂલો હતી. ઉદાહરણ તરીકે, 'United States of America' ને બદલે 'Unites States of Americas' લખવામાં આવ્યું હતું. આ બાબત માત્ર વૈશ્વિક સ્તરે જ નહીં, પરંતુ ખુદ પાકિસ્તાનીઓ દ્વારા પણ મજાકનો વિષય બની હતી. પાકિસ્તાની યુઝરોએ અનેક મીમ્સ બનાવીને આની ઠેકડી ઉડાવી હતી.




## રણવીર સિંહને લોરેન્સ ગેંગની ધમકી: 10 કરોડની ખંડણી માગી



**બિશ્નોઈ** ગેંગના હેરી બોક્સરે અમેરિકાથી વોઈસ નોટ મોકલી

મુંબઈ, તા. 20: બોલિવૂડ સ્ટાર રણવીર સિંહને લોરેન્સ ગેંગના સભ્ય હેરી બોક્સર દ્વારા 10૧૦ કરોડ રૂપિયાની ખંડણી માટે ધમકી આપવામાં આવી હોવાના અહેવાલે સનસનાટી મચાવી છે. અહેવાલ મુજબ, રણવીરના મેનેજરને અમેરિકાના નંબર પરથી એક વોઈસ નોટ મળી હતી, જેમાં આ મોટી રકમની માગ કરવામાં આવી હતી. મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચે આ મામલે તપાસ તેજ કરી છે અને અમેરિકી એજન્સીઓનો પણ સંપર્ક સાધ્યો છે. રસપ્રદ વાત એ છે કે, આ ધમકી રોહિત શેટ્ટીના ઘર પર થયેલા ફાયરિંગ બાદ ફેબ્રુઆરીની શરૂઆતમાં મળી હતી. જોકે, રણવીર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર એફઆઈઆર નોંધાઈ નથી, પરંતુ સાવચેતીના ભાગરૂપે રણવીર અને દીપિકાએ પોતાની ખાનગી સુરક્ષામાં વધારો કરી દીધો છે. તેમના નિવાસસ્થાને હવે હથિયારધારી ગાર્ડ્સનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

## બિટકોઈન કૌભાંડ: રાજ કુંદ્રાને મોટી રાહત, પીએમએલએ કોર્ટે આપ્યા જામીન



મુંબઈ, તા. 20: બોલિવૂડ અભિનેત્રી શિલ્પા શેટ્ટીના પતિ અને બિઝનેસમેન રાજ કુંદ્રાને રૂ. 150 કરોડના બિટકોઈન કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં મોટી રાહત મળી છે. મુંબઈની સ્પેશિયલ પીએમએલએ કોર્ટે તેમને આ કથિત ક્રિપ્ટો પોન્ઝી કૌભાંડમાં જામીન મંજૂર કર્યા છે. ઈડી (અમલીકરણ નિદેશાલય) મુજબ, કુંદ્રા પાસે 285 બિટકોઈન હતા, જે તેમણે કૌભાંડના માસ્ટરમાઇન્ડ અમિત ભારદ્વાજ પાસેથી મેળવ્યા હોવાનો આક્ષેપ છે. કોર્ટે જામીન આપતા નોંધ્યું કે કુંદ્રાએ તપાસમાં સહયોગ આપ્યો છે અને અગાઉ તેમની ધરપકડ ન થઈ હોવાથી હવે કસ્ટડીની જરૂર નથી. જોકે, કોર્ટે શરત મૂકી છે કે તેમણે આગામી સુનાવણીમાં હાજર રહેવું પડશે.



# રશિયામાં શિયાળુ તોફાનનો તરખાટ: મોસ્કોમાં બરફના ઢગલાં

**ભારે** બરફવર્ષાને કારણે વાહનવ્યવહાર ખોરવાયો, અકસ્માતનાં બનાવો, અનેક ફલાઇટો રદ અથવા મોડી પડી

મોસ્કો, તા. ૨૦: રશિયામાં મોટું શિયાળુ તોફાન આવ્યું છે. બુધવાર રાતથી ગુરુવાર સવાર સુધી મોસ્કોમાં ભારે હિમવર્ષા અને જોરદાર પવનને કારણે ભારે અંધાધૂંધી સર્જાઇ હતી જેના કારણે રસ્તાઓ પર ખતરનાક સ્થિતિ ઉભી થઈ હતી અને ઘણી ફ્લાઇટ્સ મોડી પડતા અથવા રદ થતા હવાઈ મુસાફરીમાં અવરોધો સર્જાયા હતા.

ધ મોસ્કો ટાઇમ્સને ટાંકીને મેયર સેર્ગેઈ સોબ્યાનિન જણાવ્યું હતું કે, રશિયન રાજધાનીમાં ગુરુવારે એક જ દિવસમાં સરેરાશ માસિક હિમવર્ષાના 70% થી વધુ હિમવર્ષા થવાની ધારણા હતી. સોબ્યાનિને ટેલિગ્રામ પર લખ્યું હતું કે, શિયાળો તમામ રેકોર્ડ તોડી રહ્યો છે. હવામાનશાસ્ત્રીઓના જણાવ્યા અનુસાર, 19 ફેબ્રુઆરીએ મોસ્કોમાં બરફનું સ્તર દૈનિક સરેરાશ હિમવર્ષાના 175% સુધી પહોંચી ગયું હતું. જો કે, આ આંકડો 2024 માં નોંધાયેલા દૈનિક હિમવર્ષાના રેકોર્ડને વટાવી શક્યો નથી.

રાજધાનીની દક્ષિણે આવેલા મોસ્કો પ્રદેશના સ્ટુપિનો શહેર નજીક M-4 ડોન હાઈવે પર ઓછામાં ઓછા 10 વાહનો વચ્ચે મોટો અકસ્માત થયાના અહેવાલ પણ મળ્યા છે.

નાગરિક ઉડ્ડયન અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગુરુવાર સવાર સુધીમાં મોસ્કો એરપોર્ટ પર 33 ફ્લાઇટ્સ કાં તો રદ કરવામાં આવી હતી અથવા બે કલાકથી વધુ મોડી પડી હતી.

### તાલિબાનોની નવી દંડ સંહિતા

# પત્નીને મારો, પણ તેના હાડકા ન ભાંગો!

**પતિઓ** પત્નીઓને અને માલિકો નોકરોને મારી શકશે

**ગુના** બદલ ધર્મગુરુઓને નજીવી સજા થશે જ્યારે ગુલામની કક્ષામાં આવતા લોકોને સખત સજા થઇ શકે

કાબુલ, તા. ૨૦: તાલિબાન શાસિત અફઘાનિસ્તાનમાં રજૂ કરવામાં આવેલી નવી દંડ સંહિતાએ મહિલા અધિકાર જૂથોમાં આક્રોશ અને ચિંતા જન્માવી છે. અહેવાલો અનુસાર, આ કાયદો મહિલાઓને ગુલામ સમાન ગણે છે અને પતિઓ તથા કહેવાતા ગુલામ માલિકોને તેમને શારીરિક સજા કરવાની મંજૂરી આપે છે, શરત માત્ર એટલી છે કે તેમાં કોઈ હાડકું ન તૂટવું જોઈએ અથવા ખુલ્લા ઘા ન થવા જોઈએ. આ રીતે શાસન હેઠળના વ્યાપક પ્રતિબંધોને સત્તાવાર રૂપ આપવામાં આવ્યું છે. દંડ સંહિતાની અન્ય એક જોગવાઈ કથિત રીતે સમાજને અનેક સ્તરોમાં વિભાજિત કરે છે, જેમાં આ પદાનુક્રમમાં વ્યક્તિના સ્થાનના આધારે સજા અલગ-અલગ નક્કી કરવામાં આવી છે.

આ સંહિતા કથિત રીતે વ્યક્તિ મુક્ત છે કે ગુલામ તેના આધારે સજામાં તફાવત કરે છે. જૂથના સર્વોચ્ચ નેતા અખુંદઝાદા દ્વારા હસ્તાક્ષર કરાયેલા 90 પાનાના દસ્તાવેજ હેઠળ, ધાર્મિક નેતાઓને ટોચ પર રાખવામાં આવ્યા છે, ત્યારબાદ ભદ્ર વર્ગ, મધ્યમ વર્ગ અને છેલ્લે નીચલા વર્ગનો સમાવેશ થાય છે. આ નવી જ્ઞાતિ-આધારિત વ્યવસ્થાનો અર્થ એ છે કે જો કોઈ ધાર્મિક વિદ્વાન ગુનો કરે છે, તો તેની મહત્તમ સજા માત્ર 'ચેતવણી' અથવા 'સલાહ' છે. સામાજિક ભદ્ર વર્ગના સભ્યોને સલાહ અને સંભવિત કોર્ટ સમન્સ મળી શકે છે.

# શિવાજી જયંતિ પર ત્રણ રાજ્યોમાં કોમી તણાવ

**કર્ણાટક** અને હૈદરાબાદમાં શિવાજી જયંતિની શોભાયાત્રા દરમિયાન બે જૂથો વચ્ચે પથ્થરમારો થયો

**મધ્યપ્રદેશમાં** એક દુર્ગા મંદિરના સંકુલમાં તોડફોડના પગલે ઘર્ષણ થયું, 49 લોકોની ધરપકડ કરાઈ

**કર્ણાટકમાં** પોલીસે કલમ 144 લાગુ કરી 8 લોકોની ધરપકડ કરી




બાગલકોટે (કર્ણાટક), તા. 20 (પીટીઆઈ): શિવાજી જયંતિ નિમિત્તે કાઢવામાં આવેલી શોભાયાત્રાઓ દરમિયાન કર્ણાટક, હૈદરાબાદ અને મધ્યપ્રદેશમાં કોમી તણાવની ઘટનાઓ સામે આવી હતી. કર્ણાટકના બાગલકોટમાં જ્યારે શોભાયાત્રા એક મસ્જિદ પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે પથ્થરમારો થતા તણાવ સર્જાયો હતો. હિન્દુ સંગઠનોનો આક્ષેપ છે કે મસ્જિદ વિસ્તારમાંથી પથ્થર ફેંકવામાં આવ્યો હતો, જેમાં એસપી સિદ્ધાર્થ ગોયલને માથામાં સામાન્ય ઈજા થઈ હતી. અન્ય અહેવાલો મુજબ, ડીજે પર વગાડવામાં આવેલા ગીત સામે મુસ્લિમ પક્ષે વાંધો ઉઠાવતા વિવાદ થયો હતો. આ ઘટના બાદ પોલીસે કલમ 144 લાગુ કરી 8 લોકોની ધરપકડ કરી છે. શુક્રવારે સવારે ફરી સ્થિતિ તંગ બની હતી જ્યારે કેટલાક લોકોએ માંસની દુકાનો પર પથ્થરમારો કર્યો હતો, જેને વિખેરવા પોલીસે હળવો લાઠીચાર્જ કરવો પડ્યો હતો. એસપી ગોયલે સ્પષ્ટ કર્યું કે મુખ્ય આરોપી તન્ઝીર વીડિયો ફૂટેજમાં પથ્થરમારો કરતો દેખાય છે અને હાલ સ્થિતિ નિયંત્રણમાં છે. ભાજપ સાંસદ નારાયણસા બંડગેએ આ મામલે કર્ણાટક સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. બીજી તરફ, હૈદરાબાદના અંબરપેટમાં પણ રમઝાનની નમાઝ દરમિયાન શિવાજી જયંતી નિમિત્તે કાઢવામાં આવેલી શોભાયાત્રા દરમિયાન કોમી તણાવ સર્જાયો હતો. શોભાયાત્રામાં મોટા અવાજે સંગીત અને સૂત્રોચ્ચારને લઈને બે જૂથો વચ્ચે ઘર્ષણ થયું હતું. જોકે, પોલીસે ત્વરિત કાર્યવાહી કરી મામલો થાળે પાડ્યો હતો.

મધ્યપ્રદેશના જબલપુરમાં એક દુર્ગા મંદિર સંકુલમાં તોડફોડની આશંકાને પગલે પથ્થરમારો અને અથડામણ થઈ હતી. મંદિરની આરતી અને મસ્જિદની નમાઝનો સમય એકસાથે હોવાથી તણાવ સર્જાયો હતો. કલેક્ટર રાઘવેન્દ્ર સિંહે જણાવ્યું કે કોઈ ધાર્મિક સ્થળને નુકસાન થયું નથી.

પોલીસે પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે 8થી 10 ટીયર ગેસના સેલ છોડ્યા હતા અને અત્યાર સુધીમાં 49 લોકોની ધરપકડ કરવામાં આવી છે. દેખરેખ માટે ડ્રોનનો ઉપયોગ થઈ રહ્યો છે. શુક્રવારે હિન્દુ સંગઠનોએ પોલીસ સ્ટેશન બહાર હનુમાન ચાલીસાના પાઠ કરી વિરોધ નોંધાવ્યો હતો અને તોફાનીઓના ઘરો તોડી પાડવાની માગ કરી હતી. બજરંગ દળના નેતાએ દાવો કર્યો છે કે સિહોરાના ઈતિહાસમાં આવી ઘટના પહેલીવાર બની છે અને તેની પાછળ કોઈ 'માસ્ટર માઈન્ડ' હોવાની શંકા છે.

# પાળતુ શ્વાનના ભસવા મુદ્દે જાનૈયાઓ અને માંડવિયાઓ વચ્ચે જંગ

**પાળતુ** શ્વાનને મારતા બંને પક્ષો વચ્ચે હિંસક અથડામણ બાદ કન્યાએ લગ્ન કરવાની ના પાડી



કાનપુર, તા. 20 (પીટીઆઈ): ઉત્તર પ્રદેશના ફતેહપુર જિલ્લામાં કન્યાના પાળતુ શ્વાન બાબતે થયેલા વિવાદે હિંસક વળાંક લેતા લગ્ન રદ કરવાની નોબત આવી છે. આ વિવાદમાં બંને પક્ષના પાંચથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. ખાગા વિસ્તારમાં ગુરુવારે સુમિત કેસરવાની અને તનુ કેસરવાનીના લગ્ન યોજાવાના હતા. આ એક પ્રેમ લગ્ન હતા જે બંને પરિવારોની સંમતિથી થઈ રહ્યા હતા. લગ્નની વિધિઓ ચાલી રહી હતી ત્યારે કન્યાનો પાળતુ શ્વાન ભસવા લાગ્યો હતો. વર પક્ષના કેટલાક લોકોએ તેને શાંત પાડવાનો પ્રયાસ કર્યો અને કથિત રીતે શ્વાનને માર માર્યો, જેના કારણે બંને પરિવારો વચ્ચે ઉગ્ર દલીલો શરૂ થઈ હતી. જોતજોતામાં મામલો વકર્યો અને લાકડીઓ તેમજ ખુરશીઓથી સામસામે હુમલા થયા, જેમાં કન્યા પક્ષના ત્રણ સભ્યોને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘટનાની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. જોકે, આ હિંસક અથડામણ બાદ કન્યાએ લગ્ન કરવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. અંતે બંને પરિવારોએ લગ્ન રદ કરી ભેટ-સોગાદો પરત કરવા પર સહમતિ દર્શાવી હતી. કન્યા પક્ષે એવો પણ આક્ષેપ કર્યો હતો કે વરરાજાએ તેના અગાઉના લગ્નની વાત છુપાવી હતી અને વરપક્ષના કેટલાક લોકો નશામાં હતા. આ યુગલે અગાઉ કાનપુરના આર્ય સમાજ મંદિરમાં લગ્ન કરી લીધા હતા અને કોર્ટ મેરેજની પ્રક્રિયા પણ શરૂ કરી હતી. આ પ્રસંગ માત્ર સામાજિક ઉજવણી માટે હતો.



# કતારના આ ટાપુ પર છે વિશ્વનું પ્રથમ 'એર-કન્ડિશન્ડ ફોરેસ્ટ'

**40C ગરમીમાં પણ 21C તાપમાન જળવાશે**

**10 ટન ક્રિસ્ટલથી બનેલા 'ક્રિસ્ટલ વોક' પર પ્રવાસીઓ ઉનાળામાં પણ બહાર ફરવાનો આનંદ માણી શકશે**

મધ્ય પૂર્વના રણ પ્રદેશમાં ઉનાળાની આકરી ગરમી વચ્ચે હવે પ્રવાસીઓ ખુલ્લામાં ફરવાનો આનંદ માણી શકશે. કતારના દોહામાં 'ગેવાન આઇલેન્ડ' પર એક અનોખું 'એર-કન્ડિશન્ડ ફોરેસ્ટ' તૈયાર કરવામાં આવ્યું છે, જે વિશ્વભરના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આ પ્રોજેક્ટ તેના આધુનિક એન્જિનિયરિંગ અને પર્યાવરણને અનુકૂળ ટેકનોલોજી માટે જાણીતો છે. આ આઇલેન્ડની મધ્યમાં 450 મીટર લાંબો એક વોકવે બનાવવામાં આવ્યો છે, જેને 'ક્રિસ્ટલ વોક' નામ આપવામાં આવ્યું છે. આ વોકવેની ખાસિયત એ છે કે તે ખુલ્લો હોવા છતાં આખું વર્ષ 21C થી 23C તાપમાન જાળવી રાખે છે. આ વોકવેને વૃક્ષો જેવા આકારની આધુનિક કેનોપીથી ઢાંકવામાં આવ્યો છે, જે સૂર્યના તાપને રોકે છે અને નીચે લગાવેલા વેન્ટ્સમાંથી આવતી ઠંડી હવાને વોકવેમાં જાળવી રાખે છે.

ગિનીસ વર્લ્ડ રેકોર્ડ: આ સ્થળને વિશ્વના સૌથી મોટા આઉટડોર એર-કન્ડિશન્ડ મોલ અને સૌથી મોટા ઇન્ટરેક્ટિવ લાઇટ કેનોપી તરીકે માન્યતા મળી છે.

ક્રિસ્ટલનો ઉપયોગ: વોકવે પરના કૃત્રિમ વૃક્ષોની ડાળીઓ પર 10 ટન જેટલા ક્રિસ્ટલ્સ લગાવવામાં આવ્યા છે, જે રાત્રિના સમયે રોશનીથી ઝળહળી ઉઠે છે.

# ઈરાન પર હુમલા માટે એરબેઝ આપવા બ્રિટેનના ઈનકારથી ટ્રમ્પ નારાજ



**અમેરિકા** હિંદ મહાસાગરમાં સ્થિત ડિએગો ગાર્સિયા અને આરએએફ ફેરફોર્ડ એરબેઝનો ઉપયોગ કરવા માગતું હતું

**અમેરિકા** અને બ્રિટેનના જૂના સંબંધોમાં તિરાડ આવી

લંડન-વોશિંગ્ટન, તા. 20: બ્રિટેને ઈરાન પર સંભવિત હુમલા માટે અમેરિકાને પોતાના સૈન્ય મથકોનો ઉપયોગ કરવાની મનાઈ ફરમાવી છે, જેના કારણે બંને દેશોના દાયકાઓ જૂના સંબંધોમાં ખટાશ આવી છે.

અમેરિકા ઈરાન વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે હિંદ મહાસાગરમાં સ્થિત 'ડિએગો ગાર્સિયા' અને બ્રિટેનના 'આરએએફ ફેરફોર્ડ' એરબેઝનો ઉપયોગ કરવા માગતું હતું. જોકે, આંતરરાષ્ટ્રીય કાયદા અને સુરક્ષા કારણોને આગળ ધરીને બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટાર્મરે આ મંજૂરી આપવાનો ઈનકાર કર્યો છે.

એક સમાચાર સંસ્થાના અહેવાલ મુજબ, આ નિર્ણયથી નારાજ થઈને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બ્રિટેન અને મોરેશિયસ વચ્ચેના 'ચાગોસ ટાપુ' સમજૂતી પરથી પોતાનું સમર્થન પાછું ખેંચી લીધું છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર આકરી પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, ડિએગો ગાર્સિયા જેવા વ્યૂહાત્મક રીતે મહત્વના સ્થળ પરથી નિયંત્રણ છોડવું એ બ્રિટેનની મોટી ભૂલ હશે. ટ્રમ્પનું માનવું છે કે ઈરાન સાથેના કોઈ પણ સોદા માટે આ એરફિલ્ડ્સ પર કબજો હોવો અનિવાર્ય છે.

ડિએગો ગાર્સિયા અમેરિકા માટે એટલા માટે મહત્વનું છે કારણ કે તે તેહરાનથી આશરે 3,800 કિમી દૂર છે, જ્યાંથી બી-2 અને બી-52 જેવા ભારે બોમ્બવર્ષક વિમાનો ઓપરેટ કરી શકાય છે. બીજી તરફ, બ્રિટેન હવે ઈરાક યુદ્ધ જેવી ભૂલો કરવા માગતું નથી અને આંતરરાષ્ટ્રીય નિયમોનું પાલન કરવા પર ભાર મૂકી રહ્યું છે. ચાગોસ ટાપુઓ, ગ્રીનલેન્ડ અને વિદેશ નીતિ અંગેના અલગ-અલગ દ્રષ્ટિકોણને કારણે અત્યારે વોશિંગ્ટન અને લંડન વચ્ચે ભારે ખેંચતાણ જોવા મળી રહી છે.

# ટ્રમ્પના બોર્ડ ઓફ પીસની પ્રથમ બેઠકમાં ભારત ઓબ્ઝર્વર તરીકે જોડાયું




**શું સંયુક્ત** રાષ્ટ્રો પર નજર રાખશે બોર્ડ ઓફ પીસ

**ગાઝાના** પુન:નિર્માણ માટે અમેરિકા અને 9 સભ્ય દેશ 17 અબજ ડોલર આપશે

**પરમાણુ** કાર્યક્રમ મુદ્દે ટ્રમ્પનું ઈરાનને 10 દિવસનું અલ્ટીમેટમ

વોશિંગ્ટન, તા. 20: વોશિંગ્ટનમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના 'બોર્ડ ઓફ પીસ'ની પ્રથમ બેઠક યોજાઈ હતી, જેમાં ભારતે 'ઓબ્ઝર્વર' દેશ તરીકે ભાગ લીધો હતો. ગત મહિને દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દરમિયાન ટ્રમ્પ દ્વારા પ્રસ્તાવિત આ સંસ્થાની બેઠક ગુરુવારે યોજાઈ હતી જેમાં ભારતીય દૂતાવાસના વરિષ્ઠ અધિકારી નમગ્યા સી ખમ્પાએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

ભારત સરકારે હજુ સુધી આ બોર્ડના પૂર્ણકાલીન સભ્ય બનવા અંગે કોઈ સત્તાવાર નિર્ણય લીધો નથી અને હાલમાં આ પ્રસ્તાવની સમીક્ષા કરી રહ્યું છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે ભારત પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થાપવા માટેના તમામ પ્રયાસોનું સમર્થન કરે છે.

આ બેઠકમાં ગાઝાના પુનઃનિર્માણ માટે અંદાજે રૂ. 1.5 લાખ કરોડ (17 બિલિયન ડોલર)ના રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી હતી. ટ્રમ્પે જણાવ્યું હતું કે 9 સભ્ય દેશો 7 અબજ ડોલર આપશે, જ્યારે અમેરિકા પોતે 10 અબજ ડોલરનું યોગદાન આપશે. આ ઉપરાંત, મોરોક્કો અને કઝાકિસ્તાન સહિત પાંચ દેશોએ યુદ્ધગ્રસ્ત પેલેસ્ટિનિયન વિસ્તારમાં શાંતિ જાળવવા માટે સૈનિકો મોકલવાની સંમતિ આપી છે. આ બેઠકમાં પાકિસ્તાનના વડા પ્રધાન શહેબાઝ શરીફ સહિત લગભગ 50 દેશોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

ટ્રમ્પે આ બોર્ડને સંયુક્ત રાષ્ટ્ર (યુએન)ના વિકલ્પ તરીકે નહીં, પરંતુ તેની ગરિમા વધારનારી અને કામગીરી પર નજર રાખનારી સંસ્થા તરીકે રજૂ કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે 'બોર્ડ ઓફ પીસ' ભવિષ્યમાં સંયુક્ત રાષ્ટ્રને વધુ મજબૂત બનાવશે.

બીજી તરફ, બેઠક દરમિયાન ટ્રમ્પે ઈરાનને તેના પરમાણુ કાર્યક્રમ અંગે '10 દિવસનું અલ્ટીમેટમ' આપતા ચેતવણી આપી હતી કે જો કોઈ સમજૂતી નહીં થાય તો સૈન્ય કાર્યવાહી અનિવાર્ય બની શકે છે. આ બોર્ડનો મુખ્ય હેતુ ગાઝામાં યુદ્ધવિરામની દેખરેખ રાખવા ઉપરાંત હમાસનું નિઃશસ્ત્રીકરણ અને ત્યાં સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવાનો છે.